# ખેડબ્રહ્મામાં મોબાઈલ ટાવર કંપનીઓ પાસે લાખો રૂપિયાનો ટેક્સ બાકી

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ કંપનીઓના ૯ મોબાઇલ ટાવર કાર્યરત છે. મોબાઈલ ટાવર કંપની પાલિકાનો ટેક્સ ભરવા રાજી ના હોય તેમ લાખો રૂપિયાના ટેક્સ બાકી છે. આ મોબાઈલ ટાવર કંપનીઓ પાસે ૭૬.૨૮ લાખ રૂપિયા બાકી છે. ટાટા કંપનીનો ટાવર વર્ષ ૨૦૧૭માં ઉતારી લેવામાં આવ્યો હતો. છતાં ૧૦.૭૭ લાખ ટેક્સ બાકી છે, આ ટેક્સ પ્લોટ ધારક પાસે વસૂલ કરવા શહેરના એક જાગૃત નાગરિકે માંગ કરી છે.

ખેડબ્રહ્મા નગર પાલિકામાં બી.એસ.એન.એલ., વોડાફોન, ઈન્ડસ, રીલાયન્સ, મળી કુલ ૯ ટાવર કાર્યરત છે. આ મોબાઈલ ટાવર કંપનીઓ પાસે ૭૬.૨૮ લાખ પાલિકાનો ટેક્સ બાકી છે.

| મોબાઈલ ટાવર કંપની | ટાવરની સંખ્યા | બાકી ટેક્સ |
|---|---|---|
| બી.એસ.એન.એલ. | ૨ | ૨૧.૯૭ લાખ |
| વોડાફોન | ૧ | ૯.૫૭ લાખ |
| ઈન્ડસ | ૩ | ૧૦.૭૦ લાખ |
| રીલાયન્સ | ૩ | ૨૫.૫૫ લાખ |
| ટાટા | ૧ | ૧૦.૭૭ લાખ |

આ ટેક્સ વસૂલ કરવા માટે પાલિકા કોઈ કાર્યવાહી કરતી નથી તેવી બૂમ ઉઠવા પામી છે. ખેડબ્રહ્માના મુકેશભાઈ ભુરાલાલ મહેતાએ પાલિકામાં કરેલ રજૂઆત મુજબ દેવીનગર વિસ્તારમાં સર્વે ન. ૧૭૫, ૧૭૬માં પ્લોટ નં. ૬૦માં બિન ખેતી મંજૂરી મેળવી ટાટા કંપનીને ટાવર ઊભો કરવા આપવામાં આવ્યો હતો. આ ટાવર આજુબાજુના રહીશો માટે નુકશાનકારક હોવાથી રહીશો ધ્વારા લડત આપવામાં આવી હતી. સને ૨૦૧૭માં ટાવર ઉતારી લેવામાં આવ્યો હતો. આ ટાટા કંપની પાસે ૧૦.૭૭ લાખ ટેક્સ બાકી હોવા છતાં ટાવર ઉતારી કંપની રફુચકર થઈ ગઈ છતાં પાલિકાને ગંધ સુદ્ધા ના આવી. ૧૦.૭૭ લાખ ટેક્સ બાકી છે તેનું શું ? આ બાકી ટેક્સ પ્લોટધારક પાસે વસૂલવા મુકેશભાઈ મહેતાએ પાલિકામાં રજૂઆત કરી છે. આ પ્લોટ ખુલ્લો થવાથી તેમાં ગંદકી થવાનાં કારણે આજુબાજુના રહીશો મુશ્કેલી વેઠી રહ્યા છે. આ બિન ખેતી પ્લોટમાં ગંદકી દૂર કરવા માંગ કરવામાં આવી છે.

## ખેડબ્રહ્મા છેલ્લા પાંચ વર્ષથી દારૂના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ખેડબ્રહ્મા પોલીસે ઝડપી પાડ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા પોલીસ નાસતા ફરતા આરોપીનોને પકડવા માટે વોચમાં હતા ત્યારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટાફના સુરેન્દ્રસિંહ તથા જયંતીભાઈ બાતમી મળી હતી કે ખેડબ્રહ્મા પોલીસ મથકનો આરોપી લાડુરામ નવલાજી નિનામા રહે. મહાદ, તા. કોટડા છાવણી, રાજસ્થાન પોતાના ઘરે આવેલ હોવાનું જાણવા મળેલ તે આધારે તેન ઘરે તપાસ કરતા તેને પકડી પાડવામાં આવ્યો હતો.

# કરૂણા હેલ્પ લાઈનને જ હેલ્પની જરૂર : અરવલ્લી જિલ્લાના પ્રજાજનોના ફોન લાગતા જ નથી

મોડાસા, તા. ૧૯

રાજ્ય સરકારે થોડા સમય અગાઉ ઘાયલ પશુ પક્ષીઓને સ્થળ પર સારવાર મળી રહે તે માટે કરુણા હેલ્પ લાઈનની શરૂઆત જોરશોરથી કરવામાં આવી હતી. કરુણા હેલ્પલાઈનથી જીવદયા પ્રેમીઓમાં આનંદ છવાયો હતો. ઈજાગ્રસ્ત પશુઓ માટે આશીર્વાદ બનેલી કરુણા હેલ્પલાઈન છેલ્લા કેટલાક દિવસોથી ઈજાગ્રસ્ત થતા હેલ્પની જરૂર હોય તેવું લાગી રહ્યું છે. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો કરુણા હેલ્પ લાઈન નંબર ૦૭૯-૧૯૬૨માં નંબર લગાવતા સતત રિંગ વાગતી હોવાની સાથે હેલ્પલાઈન નંબર રિસીવ થાય તો ટેકો પર લાગી ગયો હોવાનું જણાવી અન્ય નંબર પરથી ફોન લગાવો કહી કોલ સેન્ટરના કર્મચારીઓ નિસહાય હોય તેમ મદદ કરવાના બદલે ફોન મૂકી દેવાનું પસંદ કરતા જીલ્લાના પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે.




કરુણા હેલ્પલાઈન નંબર ૦૭૯-૧૯૬૨ પર ફોન લગાવનાર વ્યક્તિનો મહામુસીબતે કરુણા હેલ્પલાઈનમાં લાગેલ ફોન ટેકો ડિપાર્ટમેન્ટમાં લાગ્યો હોવાનું ફોન રિસીવ કરનાર કર્મચારીઓ જણાવી રહ્યા હોવાની સાથે તમે કઈ કંપનીના સિમ કાર્ડ પરથી ફોન લગાવ્યો છે તેવું પૂછી રહ્યા છે અને પછી બી.એસ.એન.એલ, એરટેલ, અને વોડાફોનના સિમ પરથી નહિ પણ અન્ય સિમ કાર્ડથી ફોન લગાવવાનું જણાવવામાં આવી રહ્યું છે. હેલ્પલાઈનમાં નંબર જોડનાર ગ્રાહક આ અંગે પૂછે તો ટેક્નિકલ એરર હોવાનું જણાવી ગ્રાહકનો નંબર માંગી સામેથી ફોન આવશે કહી ફોન મૂકી દે છે પરંતુ ૨૪ કલાકથી વધુનો સમય થવા છતાં કોઈ ફોન આવતો ન હોવાથી કરુણા હેલ્પલાઈન પ્રજાજનો અને પશુઓ માટે ફારસ રૂપ બની છે. હાલ તો ખુદ કરુણા હેલ્પ લાઈનને હેલ્પની જરૂર હોવાનું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં બીમાર અને ઘાયલ પશુ-પક્ષીઓ માટે કરુણા હેલ્પલાઈન શરૂઆતના દિવસોમાં મદદરૂપ બનતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો પરંતુ છેલ્લા કેટલાક દિવસો થી કરુણા હેલ્પ લાઈનનો નંબર લગાવતા ટેંકોમા નંબર લાગ્યો હોવાની સાથે બીમાર અને ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓને યોગ્ય સમયે સારવાર ન મળતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. કરુણા હેલ્પલાઈનની મદદના અભાવે બીમાર અને ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓ દર્દથી કણસતા જીવદયાપ્રેમીઓ સહીત લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## પાલનપુર બસ સ્ટેન્ડમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ચોરનાર કિશોર ઝડપાયો

પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં એક વિદ્યાર્થીનો મોબાઈલ ફોન ચોરનારા કિશોરને ઝડપી લેવામાં આવ્યો હતો. જેની પગની એડી નીચે સંતાડેલો મોબાઈલ ફોન મળી આવતાં પોલીસને હવાલે કરાયો હતો.

પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં ગતરોજ બપોરના સુમારે એક વિધાર્થીની નજર ચૂકવી કિશોર મોબાઈલ ફોન તફડાવી નાસી રહ્યો હતો. દરમિયાન અન્ય મુસાફરોએ તેને ઝડપી લીધો હતો. અને કેબીનમાં બેસાડી તલાસી લેતાં પગની એડી નીચે સંતાડેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જેને પોલીસને સોંપવામાં આવ્યો હતો. પાલનપુર બસ સ્ટેન્ડમાં બે દિવસ અગાઉ અંબાજીના એક મુસાફરનું રૂપિયા ચાર હજાર ભરેલું પાકીટ પણ ચોરાયું હતુ. ત્યારે બસ સ્ટેન્ડમાં કાયમી પોલીસ પોઈન્ટ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## અમીરગઢ તાલુકાના અંતરિયાળ વિસ્તારના શાળાના બાળકોને સદભાવના ગ્રુપ દ્વારા સ્વેટર વિતરણ કરાયા

સતત નિતનવા સેવાકીય કાર્યો કરી યુવાનોને સદકાર્યો કરવા માટે પ્રેરણા પૂરું પડતા સદભાવના ગ્રુપ દ્વારા આજ રોજ અમીરગઢ તાલુકાના વિરમપુર વિસ્તારની અંતરિયાળ વિસ્તારની શાળાઓના બાળકોને સ્વેટર વિતરણ અને શૈક્ષણિક કિટના વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આજ રોજ અમીરગઢ તાલુકાની કરમદી, ગુડા, ડાભચતરા-૧ અને ડાભચતરા-૨ આમ કુલ મળી ૪ શાળાના વિદ્યાર્થીઓનો સ્વેટર વિતરણ અને શૈક્ષણિક કિટના વિતરણનો કાર્યક્રમ ગુડા પ્રાથમિક શાળા મુકામે કરવામાં આવેલ.




"ઠંડી અમને પણ લાગે છે" અભિયાન અંતર્ગત આદિવાસી વિસ્તારની કુલ ૨૯ શાળાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવશે.

આજનો કાર્યક્રમ સમ્પૂર્ણ આત્મીયસભર બની ગયેલ.જયારે વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે સ્વેટર અર્પણ કરવામાં આવેલ ત્યારે, સામે આદિવાસી વિદ્યાર્થીઓએ પોતાના હાથે જંગલ વિસ્તારમાંથી એકત્રિત કરેલ બોર ખાખરાના પાનમાં વીંટીને આપી પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. આજના કાર્યક્રમમાં જીલ્લા કલેકટર શ્રી સંદીપ સગલે, સદભાવના ગ્રુપના શ્રી હરેશભાઈ ચૌધરી, શ્રી રાજેન્દ્રભાઈ જોષી, જીલ્લા શિક્ષણાધિકારી શ્રી પ્રજાપતિ, નાયબ ડીપીઓ મુકેશભાઈ ચાવડા સદભાવના ગ્રુપના શ્રી જગદીશ કોરોટ, રાકેશ પટેલ, કિરણભાઈ, દિગ્વિજય સોલંકી ઉપસ્થિત રહેલ.

## વાહન પાર્કિંગ મુદે આકેસણમાં સશસ્ત્ર ધીંગાણુ : પાંચથી વધુ વ્યકિતઓને ઈજા

પાલનપુર તાલુકાના આકેસણ ગામમાં વાહન પાર્ક કરવાના મુદ્દે થયેલા ધિંગાણામાં એક જ પરિવારના



પાંચથી વધુ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. જેમને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે સામસામે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર તાલુકાના આકેસણ ગામે રહેતા નાનજીભાઈ ભાટીયા અને ભીખાભાઈ ભાટીયાના પરિવારો વચ્ચે વાહન પાર્ક કરવાના મુદ્દે અથડામણ થવા પામી હતી. જેમાં સામસામે તિક્ષ્ણ હથિયારથી હૂમલો કરવામાં આવતાં પાંચથી વધુ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે બંને પક્ષો દ્વારા પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## રસ્તાનું કામ ચાલુ કરાવવા અંગે અશોકગઢના ગ્રામજનોએ કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

વડગામ તાલુકાના અશોકગઢ ગ્રામજનો આજે પાલનપુર દોડી આવ્યા હતા. જ્યા વડગામ તાલુકામાં અશોકગઢથી જૂની સેધણીને જોડતો રોડ બની રહ્યો હતો. જોકે, ફોરેસ્ટ આઝાદી બાદ ગામમાં રોડ બનતો હતો તે પણ અટકયો છે. અગાઉ ગ્રામજનો એ



કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી રસ્તાનું કામ ચાલુ કરવાની માંગ કરી હતી. જો આ માંગણી નહીં સંતોષાય તો આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી. વિભાગે આ રોડનું કામ અટકાવી દીધું છે. ફોરેસ્ટ વિભાગના ઓરમાયા વર્તનને પગલે ગામમા રોડનું કામ બંધ કરી દેતા ગ્રામજનો ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે. આત્મવિલોપનની ચીમકી પણ આપી હતી. ત્યારે રોડનું કામ ચાલુ કરાવવાની માંગ સાથે ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

## પ્રાંતિજ ભટ્ટીવાડામાં ગાળો બોલી માર મારતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મારમારી ગાળોબોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર વિરૂધ્ધ પોલિસ ફરીયાદ થઈ છે. ફરીયાદી કોકીલાબેન કમલેશભાઇ ભોઇ રહે. ભોઇવાસ પ્રાંતિજની ફરીયાદના આધારે તેમના બન્ને દિકરાઓ છયદીપ તથા રાજ બન્ને જણાને મા બહેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતાં હોઈ કોકીલાબેન વચ્ચે પડી બન્ને દિકરાઓને બચાવવા જતાં નિશારમીયા સીરાજમીયા હાથમાં તલવાર લઈને તથા સોહીલમીયા સીરાજમીયા મુસલમાન તેમજ બીજા બે છોકરાઓ હાથમાં લાકડીઓ લઈને ચારેય જણાએ માર મારતા પાછળ પડી કોકીલાબેનબહેનને ધક્કો મારી નીચે પાડી દઈ ઘરના દરવાજાને તલવાર લાકડીઓથી ફટકા મારી અંદર પ્રવેશ કરી શર્મિલાબેનના ઘરના દરવાજાને લાકડીઓના ફટકા મારી નુકશાન કરી ચારેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## અરવલ્લી જિલ્લાના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર ખરીદતા

# મગફળી અને અડદના રૂપિયા સમયસર ન મળતા ઉગ્ર રોષ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર સરકારે



ખરીદી શરૂ કર્યા બાદ મંથર ગતિએ ખરીદી થતી હોવાની અનેક બૂમો વચ્ચે છેલ્લા બે દિવસથી ખરીદકેન્દ્રોમાં પ્રાણ પુરાયા હોય તેમ ખરીદ પ્રક્રિયા ઝડપી બનતા ખેડૂતોએ આંશિક રાહત અનુભવી હતી. ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી, અડદ લઈ પહોંચતા લાંબી લાઈનો લાઈનો જોવા મળતી હતી. ભૂમિપુત્રોમાં હજુ પણ ટેકાના ભાવે વેચેલી મગફળીના ચુકવણામાં વિલંબ થતા ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ૭૪ કરોડથી વધુ રૂપિયાની મગફળીની ખરીદી કરી છે જેની સામે ૧૭ કરોડ રૂપિયા સરકાર હજુ સુધી ખેડૂતોને ચૂકવી છે. બુધવારે વહેલી સવારથી મોડાસા એપીએમસી ખાતે ટેકાના ભાવે મગફળી અડદ ખરીદી કેન્દ્ર ખાતે ટ્રેક્ટરોની લાંબી લાંબી લાઈનો



લાગી હતી. મોડાસા કેન્દ્રમાં અત્યાર સુધી મગફળીની ૩૦ હજારથી વધુ બોરીઓની ખરીદી કરાઈ છે આજે પણ ૪૫થી વધુ ટ્રેક્ટરોમાં મગફળી લઈ ખેડૂતો ઉમટી પડ્યા હતા. જોકે મગફળીની ખરીદીમાં તેજી છે તેના કરતાં મગફળીના નાણાંની ચુકવણી મંથરગતીએ હોવાના કારણે ખેડૂતોમાં ક્યાંકને ક્યાંક નારાજગી જોવા મળી હતી.

રાજ્ય સરકાર દ્વારા મગ અને અડદનું ૧ ડિસેમ્બરથી રજીસ્ટ્રેશન કરાયા બાદ ૧૦મીથી ખરીદીની શરૂઆત જિલ્લાના મોડાસા, મેઘરજ, બાયડ, ધનસુરા અને ભિલોડા કેન્દ્રો ખાતે શરૂ કરાઈ હતી. જેમાં શરૂઆતમાં એક અઠવાડિયા સુધી ખેડૂતો મગ અને અડદ ટેકાના ભાવે વેચવા માટે ખૂબ ઉદાસ રહ્યા, પરંતુ આજથી જિલ્લાના તમામ કેન્દ્રોમાં ભારે તેજી જોવા મળી. મોડાસા કેન્દ્રમાં અત્યાર સુધી ૫૦૦ કવીંટલથી વધુ અડદની ખરીદી કરાઈ છે. જોકે મગ વેચવા માટે જિલ્લામાં હજુ સુધી માત્ર ૩ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

# પાલનપુર ખાતે રાફેલ મુદ્દે ભાજપે કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

રાફેલ મુદ્દે સુપ્રીમ કોર્ટ દ્વારા કલીનચિટ આપવામાં આવી હોઈ કૉંગ્રેસના જુઠાણા સામે ભાજપ




વિરોધ વ્યક્ત કરી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા પણ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં ભ્રષ્ટાચારની બાબતે બહુચર્ચિત થયેલા રાફેલ લડાકુ વિમાનની ખરીદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનિલ અંબાણીની કંપનીને મોટો ફાયદો કરાવી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાના આરોપ કોંગ્રેસ દ્વારા લગાવાયો હતો. જે મુદ્દે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચતા સુપ્રીમ કોર્ટે આ બાબતમાં કેન્દ્ર સરકારને કલીનચિટ અપાતા સમગ્ર દેશમાં ભાજપ દ્વારા રાહુલ ગાંધીનો વિરોધ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ રાફેલ વિમાનના મુદ્દે જ નરેન્દ્ર મોદીને ચોકીદાર હી ચોર હે ગણાવ્યા હતા. જેથી હવે ભાજપ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બચાવ પક્ષમાં આવી ગયો છે.

દરમિયાન, બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા પણ પાલનપુર ખાતે રાહુલ ગાંધી વિરુદ્ધ ઉગ્ર સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શિત કરાયો હતો. બાદ માં જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રાહુલ ગાંધીને જનપ્રતિનિધિ તરીકે દૂર કરવાની માંગ કરાઈ હતી.

## ડીસા ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનો તાલુકા પી.આઈ. વિરુદ્ધ મોરચો

ડીસા તાલુકાનાં રોબસ ગામના ઠાકોર સમાજના આગેવાનોનું પ્રતિનિધિ મંડળ આજે ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર ડી.ડી.ગોહિલ



વિરુધ્ધ આવેદનપત્ર આપવા માટે ડી. વાય. એસ. પી. કચેરી ખાતે આવી પહોંચ્યું હતું. ઠાકોર સમાજના આગેવાનોના જણાવ્યાનુસાર બે દિવસ અગાઉ ડીસા તાલુકાનાં રોબસ ગામમાં ઠાકોર સમાજ અને દરબાર સમાજના લોકો વચ્ચે તકરાર સર્જાઈ હતી. આ તકરારમાં દરબાર સમાજના શખ્સોએ ઠાકોર સમાજની બે બાળકીઓની છેડતી કરી હતી અને બાદમાં ઠાકોર સમાજની મહિલાને માથાના ભાગે તલવારનો ઘા કરીને હુમલો કરતાં મહિલાને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી હતી.. જે અંગેની મહિલા દ્વારા ડીસા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ કરવા પહોંચી હતી. પરંતુ પોલીસ ઈન્સપેક્ટરે મહિલાની ફરિયાદ લીધા બાદ દરબાર સમાજના લોકોના કહેવાથી મહિલા પર ખોટી ફરિયાદ નોંધી દીધી હતી. અને ઈજાગ્રસ્ત મહિલાના પરિવારના સભ્યોની અટકાયત કરી હતી. જ્યારે દરબાર સમાજના લોકો પોલીસ સ્ટેશનમાં હાજર હોવા છતા તેમની અટકાયત કરી નહોતી. પોલીસ ઈન્સ્પેકટર દ્વારા આવું પક્ષપાતી વલણ અપનાવવામાં આવતા આજે ઠાકોર સમાજના આગેવાનો ડીસાના નાયબ પોલીસ અધિક્ષકને પોલીસ ઈન્સ્પેકર ડી.ડી.ગોહિલ વિરુધ્ધ આવેદનપત્ર પાઠવીને ન્યાયની ગુહાર લગાવી હતી.

# દાંતીવાડાની માળીવાસ પ્રાથમિક શાળાના સુવર્ણજયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી

### શાળામાં નવા બંધાયેલ પાંચ વર્ગખંડોનું ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના હસ્તે લોકાર્પણ કરાયું

દાંતીવાડા

બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના માળીવાસ ખાતેની પ્રાથમિક શાળાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં આજે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીની અધ્યક્ષતામાં આ શાળાના સુવર્ણ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી.જિલ્લા પંચાયતના પ્રમુખ પીનાબેન ધાડીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મીબેન કરેણ, દાંતીવાડા તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ ચૌહાણ, તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી,તાલુકા પંચાયત સદસ્ય જયંતિભાઈ બોચાતર, જિલ્લા પંચાયત સદસ્ય જયંતિભાઈ વાધાણીયા, તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન રમેશભાઈ ધાડીયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરતભાઈ ચૌધરી, બીઆરસી જીગરભાઈ જોષી, રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘના પ્રમુખ રાકેશભાઈ પટેલ, મંત્રી પ્રકાશભાઈ, તાલુકા શિક્ષક શરાફી મંડળીના ચેરમન જીગ્નેશભાઈ, આચાર્ય સમરાજી ધાડીયા, સીઆરસી રમેશભાઈ ભુતડીયા, દાંતીવાડાના સરપંચ રણજીતસિંહ વાઘેલા તેમજ ગ્રામજનો અને બાળકો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા માળીવાસ પ્રાથમિક શાળામાં



નવનિર્મિત પાંચ વર્ગખંડોનું પણ ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના હસ્તે લોકાર્પણ કરાયું હતું.શાળાના ઉત્સાહી આચાર્ય ઉત્પલકુમાર કુલકર્ણી તેમજ શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.